
**વડીલોને વંદન**
**અભિનંદન**



ચંદુલાલ શંભુરામ રાવલ
(૧૯૩૦) ફોન: ૨૩૨૨૬૭૬૬

# ગુજરાતની ચૂંટણી પરિણામોની સચોટ આગાહી કરી રૂ. ૧૫ લાખ જીતવા જાથાનો પડકાર


અમદાવાદ, તા. ૧૦

ભારતભરના કહેવાતા આગાહીકારો, જ્યોતિષીઓ, ચમત્કારીકો, તાંત્રિકો,સ્વામી બાપુ, ફકિર,મુંજાવરો, મૌલવી, પાદરીઓ, અંકશાસ્ત્રીઓ, જ્યોતિષ સંબંધીત શાખાઓના તજજ્ઞોને ગુજરાતના પરિણામોની સચોટ આગાહી કરી રૂપિયા ૧૫ લાખના ઈનામ જીતવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ જાહેર પડકાર ફેંકી વિશ્વસનીયતા સાબિત કરી, સોગંદનામામાં નિયમોની જાણકારી મેળવી પડકારની દશ ટકા રકમ ભરી પડકાર ઉપાડવા આહવાન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં જ્યોતિષ સંમેલનમાં જ્યોતિષીઓએ મોદી માટે જીત અઘરી વિગેરે ફળકથનો કરનારાએ જાથાનો પડકાર જીલવા અપીલ કરવામાં આવી છે.

ગુજરાતની ચૂંટણી પરિણામોની સચોટ આગાહીમાં (૧) ભા.જ.પ. કોંગ્રેસ કેટલી બેઠકો પર વિજેતા થશે ? (૨) સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ભા.જ.પ.ને કેટલી બેઠકો ઉપર વિજય પ્રાપ્ત થશે ? (૩) ઉત્તર-દક્ષિણ ગુજરાતમાંથી કોંગ્રેસને કેટલી બેઠકો ઉપર વિજય પ્રાપ્ત થશે ? (૪) વર્તમાન મંત્રીઓમાંથી કેટલા ચૂંટણીમાં હારી જશે ? (૫) ગુજરાત પરિવર્તન પાર્ટીને કેટલી બેઠકો ઉપર વિજય મળશે ? આ પાંચમાંથી ચારની સચોટ આગાહીમાં સંખ્યામાં એકનો તફાવત માન્ય રાખવામાં આવશે. બે સાક્ષીની હાજરીમાં દસ ટકા રકમ સાથે સોગંદનામું રૂબરૂ કરવું ફરજીયાત છે. દસ ટકા રકમ ભરનારને ડીપોઝીટનો આધાર આપવામાં આવશે. આગાહીઓ ખોટી પડશે તો ભરેલી રકમ જપ્ત થશે. ડિસેમ્બર ૧૭મી સોમવાર સુધીમાં જાથાનો સંપર્ક કરી માહિતી મેળવી રૂબરૂમાં પડકાર સંબંધી કાર્યવાહી પુરી કરવા અપીલ છે.

ભારતભરના આગાહીકારોને પડકાર આપતા જણાવ્યું કે જ્યોતિષને વિજ્ઞાનનો કોઈ આધાર ન હોવાથી પરિણામો સચોટ કરી શકતા નથી. અમદાવાદમાં ગુજરાતભરના જ્યોતિષીઓ સંમેલનમાં ભેગા થઈ મોદી માટેજીત અઘરી, સાડાસાતીનો પ્રકોપ, ચૂંટણી જીતવી કપરી છે વિગેરે ફળકથનો લોકો સમક્ષ મુકવામાં આવ્યા છે. તેઓએ જાથાનો પડકાર ઉપાડવો જોઈએ તેવો મત છે. જાથાનો પડકાર વર્ષ ૧૯૯૨ થી એક પણ આગાહીકાર ઉપાડી શકેલ નથી તે કડવી વાસ્તવિકતા છે. સચોટ આગાહીકાર વિશ્વમાં પેદા થયો નથી તેવું જાથા દૃઢપણે માને છે.

રાજ્યમાં બધા ઉમેદવારોએ પોતાની માન્યતા પ્રમાણે ઉમેદવારી ફોર્મ ભર્યા છે. તેમાં મોટાભાગે ધાર્મિક સ્થાનોમાં માથા ટેકવી, ગુરૂ, સ્વામીના આશિર્વાદ મેળવી, બાધા, આખડી, દોરા બાંધી, શુભ વિજય મુહૂર્તમાં ઉમેદવારી કરે છે તેમાંથી બેઠક દીઠ એક જ વિજેતા થવાના છે. જ્યોતિષીઓ વિજય મુહૂર્ત આપીને ઉમેદવારોને મુર્ખ બનાવે છે.



સાબરકાંઠા જિલ્લાની ૭ વિધાનસભા બેઠકોની ૧૭મી ડિસેમ્બરે ચૂંટણી યોજાનાર છે. ત્યારે કાયદો અને વ્યવસ્થા માટે પોલીસ અને અર્ધ લશ્કરી દળોને તૈનાત કરવામાં આવ્યા છે. જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે સી.આર.પી.એફ.ના જવાનોએ ફલેગ માર્ચ કરી હતી. (તસ્વીરઃ- મગન વણજારા,હિંમતનગર )

## હરિયાણા ગુજરાતથી દરેક ક્ષેત્રે આગળ છે

અમદાવાદ, તા.૧૦

હરિયાણાના મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડાએ ગુજરાતની યાત્રા પહેલાં જ દાવો કર્યો હતો કે હરિયાણા દરેક ક્ષેત્રે ગુજરાત કરતા આગળ છે. દરેક ક્ષેત્રમાં હરિયાણાએ ગુજરાત કરતા વધારે પ્રગતિ કરી છે. તેમનું કહેવું છે કે આંકડા પરથી આ બાબત બિલકુલ સ્પષ્ટ થઈ જાય છે કે માથાદીઠ યોજના બજેટની દૃષ્ટિએ હરિયાણા ગુજરાતથી આગળ છે.

મોટી વયમાં ભથ્થા, વિધવા પેન્સન, શારીરિક રીતે વિકલાંગ લોકોને પેન્સન, સગુન યોજના, સ્વતંત્રતા સેનાનીઓને આપવામાં આવતી પેન્સન અને પ્રતિ વ્યક્તિ આવકના મામલામાં હરિયાણા ગુજરાત કરતા આગળ છે. તેમને ઉમેર્યું હતું કે હરિયાણામાં વ્યક્તિદીઠ યોજના બજેટ ૧૦૪૪૬ રૂપિયા છે જ્યારે ગુજરાતમાં ૮૩૮૦ છે. રાજ્ય ૧૨ લાખથી વધુ સિનિયર સિટીઝનોને માસિક મોટી વયના ભથ્થા તરીકે ક્રમશ ૫૦૦,૫૫૦, ૭૦૦ રૂપિયા આપે છે જ્યારે ગુજરાતમાં ૩૦૦-૪૦૦ રૂપિયા ૭૨૧૦૦૦ વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવે છે.

# દૂધની કિંમતમાં લિટરદીઠ એક-બેનો ઘટાડો થઈ શકે

### દૂધ પાવડર અને બટરની કિંમતમાં પહેલાથી જ ૨૦ ટકા સુધીનો ઘટાડો : ભાવ ઘટાડાને લઈ વિભાજિત અભિપ્રાય

અમદાવાદ, તા. ૧૦

છેલ્લા છ વર્ષથી ઉછાળાનો ટ્રેન્ડ રહ્યા બાદ દૂધની કિંમતમાં પ્રથમ વખત ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ દૂધની કિંમતમાં પાંચ ટકાનો અથવા તો લિટરદીઠ રૂપિયા એક-બેનો ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. કો-ઓપરેટિવ ડેરી સેક્ટર સાથે સંકળાયેલા લોકોએ કહ્યુ છે કે દૂધ પાવડર અને બટરની કિંમતમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. આ કરેક્શનનો દોર લિક્વિડ મિલ્ક કિંમતના કારણે દેખાઈ રહ્યો છે. હેરિટેજ ફુડ (હૈદરાબાદ સ્થિત ડેરી)માં પ્રમુખ સંભાશિવરાવે કહ્યુ છે કે દૂધની કિંમતમાં આ મહિનામાં લિટરદીઠ એક-બેનો ઘટાડો થઈ શકે છે. રાવ મુંબઈ, ચેન્નઈ અને બેંગ્લોર જેવા મેટ્રોમાં પ્રિમિયમ દૂધ પ્રોડક્ટ ઉપલબ્ધ કરાવે છે. તેમનું કહેવું છે કે લિકવિડ મિલ્ક કિંમતમાં ઘટાડો નિશ્ચિત બન્યો છે. જો વેચાણને જાળવી રાખવામાં આવશે તો કિંમતોમાં ચોક્કસપણે ઘટાડો થઈ શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે દૂધનો પૂરવઠો મોટાભાગે સિમાંત ખેડૂતો દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ લોકોને કલેક્શન સેન્ટર પર ડિલિવરી બાદ દરરોજના આધાર પર નાણાં ચૂકવવાની જરૂર હોય છે. આ વર્ષે ગુજરાતમાં પૂરવઠો ૧૭ ટકા સુધી વધ્યો છે જ્યારે આંધ્રપ્રદેશમાં ૨૦ ટકા સુધી વધ્યો છે. આંધ્રપ્રદેશમાં કો-ઓપરેટિવ દ્વારા કિંમતોમાં ઘટાડો કરવા પહેલાથી જ રાજ્ય સરકારની પરવાનગી માંગી છે. જો કે અમદાવાદમાં ખાનગી ડેરીના અધિકારીનું કહેવું છે કે રિટેલ પાઉચની કિંમતમાં ઘટાડો થાય તેવી શક્યાત ઓછી છે માત્ર છુટક દૂધની કિંમતમાં ઘટાડો થઈ શકે છે. પરંતુ રિટેલ કિંમતો ઘટશે નહીં. બે કો-ઓપરેટિવ ડેરીના ચેરમેને કિંમતો ઘટવાના પ્રવાહની શકયતા નકારી નથી. જીસીએમએમએફ હેઠળ અગ્રણી ડેરીના ચેરમેનનું કહેવું છે કે ઘટાડાનો દોર શરૂ થઈ શકે છે. ખાનગી ડેરીઓ તેમના દૂધની પ્રાપ્તિને ઘટાડી રહી છે. ડેરી નિષ્ણાંતોનું કહેવું છે કે આ પ્રવાહ પ્રોત્સાહનજનક નથી.

# પ્રાંતિજના પાંજરા પોળમાં આગ લાગતા ભારે અફરા તફરીના દૃશ્યો સર્જાયા

પ્રાંતિજ, તા.૧૦

પ્રાંતિજના ભરચક ભાખરીયા વિસ્તારમાં આવેલ પાંજરા પોળમાં મોડી રાત્રે અચાનક જ આગ લાગતા આસપાસના વિસ્તારમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી. જીવદયા પ્રેમીઓએ આ આગની ઘટનાને પગલે પાંજરા પોળમાંથી હેમખેમ પશુઓને બહાર કાઢવામાં આવ્યા હતા. જો કે આ આગમાં કોઈ જાનહાની થવા પામી હતી પરંતુ રૂ. પાંચ લાખનું નુકશાન થવાની માહિતી મળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના ભરચક એવા ભાખરીયા વિસ્તારમાં સ્થિત પાંજરા પોળમાં ગત રોજ મોડી રાત્રે અચાનક જ અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠી હતી. જેમાં અંદર ભરેલું ઘાસ અને પતરાનો સાગનો શેડ બળીને ખાખ થઈ ગયો હતો. આગ લાગવાની ઘટનાથી થોડી જ વારમાં આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને ધૂમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. આ આગની ઘટનાની જાણ ફાયરબ્રિગેડને થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગને કાબુમાં લઈ મોટું નુકશાન થતા અટકાવ્યું હતું. જયારે કેટલાક જીવદયા પ્રેમી અને ફાયરબ્રિગેડના જવાનોની મદદથી હેમખેમ બહાર કઢાયા હતા. આગ લાગવાના સમાચાર વાયુવેગે પ્રસરતા લોકોના ટોળેટોળા બનાવ સ્થળે દોડી આવ્યા હતાં.

### ગાંધીનગરમાં ૧૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ

# બે દિવસ રાજ્યમાં ઠંડા પવન ફૂંકાવાના લીધે ઠંડી વધી જશે

અમદાવાદ, તા.૧૦

શિયાળાની ઋતુ બરાબર મધ્યાહ્‌ને આવી છે ત્યારે સમગ્ર રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડિ.સે. જેટલી વધઘટ થતી રહે છે. રાજ્યના વિવિધ શહેરના લઘુતમ તાપમાનમાં આજે પણ ત્રણ ડિ.સે. જેટલો ઘટાડો થતાં ફરી કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.

આજે રાજ્યના વાતાવરણ ફરી પલટો આવ્યો હતો અને વહેલી સવારે ઠંડીમાં વધારો થયો હતો. આ દરમિયાન હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું હતું કે, આગામી બે દિવસ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં ઠંડા પવન ફૂંકાવાના કારણે ઠંડીમાં વધારો થવાની શક્યતા છે. જ્યારે અમદાવાદનું લઘુતમ તાપમાન આગામી ૨૪ કલાક દરિમયાન ૧૪ ડિગ્રીની આસ-પાસ રહેશે. સમગ્ર શહેરમાં બે દિવસ પહેલા ભર શિયાળે પણ ગરમીનો માહોલ સર્જાયો હતો. ત્યારે બે દિવસમાં અમદાવાદનું લઘુતમ તાપમાન સાત ડિગ્રી જેટલુ ઘટતા ફરી ઠંડીનો માહોલ બન્યો છે. આજે ગઈ કાલની સરખામણીમાં આજે રાજ્યના મોટા ભાગના શહેરોના લઘુતમ તાપમાનમાં બે ડિ.સે. જેટલો ઘટાડો થતાં લોકોએ કડકડતી ઠંડીનો સહન કરવાનો વારો આવ્યો છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે ૨૪ કલાક રાજ્યમાં વર્તમાન ઠંડીનું મોજુ જારી રહેશે. દરમિયાન આજે રાજ્યમાં સૌથી ઓછુ લઘુતમ તાપમાન ગાંધીનગરમાં ૧૩.૮ ડિગ્રી નોંધાયુ હતુ.

## પુરાતત્વ કાયદામાં સુધારા નહીં થવાને લીધે અસંખ્ય મકાનોના બાંધકામ ઘોંચમાં

ગાંધીનગર, તા.૧૦

સમગ્ર ભારતમાં કુલ ૩૭૦૦ જેટલા આરક્ષિત પુરાતત્વીય સ્થળો અને સ્મારકો આવેલા છે. ગુજરાતમાં પણ ૨૦૨ જેટલા આરક્ષિત સ્મારકો છે. અમદાવાદ જેવા શહેરમાં પોળોની રચના, સ્થાપત્ય વગેરે અભ્યાસુઓ માટે રસનો વિષય છે ત્યારે શહેરોના ક્રમશઃ વિકાસ હાથ ધરાતા કેટલાક શહેરોમાં આ બાંધકામો ઉપર અસર થઈ રહી છે. જેથી કાયદામાં સુધારો કરવાની જરુરીયાત પર સૌએ આંગળી ચીંધી છે.

કેન્દ્ર સરકારના કાયદા અનુસાર આરક્ષિત પુરાતત્વીય સ્થળો અને સ્મારકોની ૩૦૦ મીટરની ત્રિજયામાં ૧૫ મીટર કરતા વધારે ઊંચાઈના બાંધકામની મંજૂરી મળતી નથી. આવા મકાન ધરાવતા લોકો કોર્પોરેશનના કાયદાની મર્યાદામાં રહીને કાયદેસરનું મકાન બનાવવા ઈચ્છે છે. છતાં નિયમોના અભાવે તેઓને પુરાતત્વ વિભાગ દ્વારા મંજૂરી મળતી નથી. આગામી એક મહિનામાં કેન્દ્ર સરકાર દ્વારા નિમાયેલી કમિટિ જો નિયમો ઘડીને તાકીદે અમલ નહી કરે તો નવી દિલ્હીના જંતર-મંતર મેદાનમાં પ્રતીક ઉપવાસનો કાર્યક્રમ યોજવાની ફરજ પડશે તેમ જીતેન્દ્રભાઈ શાહે જણાવ્યું છે.

# અસહ્ય મોંઘવારીથી પ્રજાનું જીવન મુશ્કેલભર્યું બન્યું છે

### કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી-મનીષ તિવારીને ગુજરાતની પ્રજા ભાજપ તરફી મતદાન કરી જવાબ આપશે : ભાજપ

અમદાવાદ, તા. ૧૦

ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશિક પટેલે ગુજરાતમાં બેફામ વાણી વિલાસ કરી ગુજરાતની શાંતિને હણવાના મુદ્દા જાહેરસભાઓમાં અને મીટિંગોમાં ઉચ્ચારનાર સોનિયા ગાંધી અને મનીષ તિવારીને આડે હાથ લેતા એક અખબારી નિવેદનમાં જણાવ્યું છે કે સોનિયાજી અને મનીષ તિવારીના જુઠ્ઠાણાઓ દ્વારા ગુજરાતની જનતાને ગુમરાહ કરવાનો પ્રયાસ નિષ્ફળ જવાનો છે અને ૧૩ અને ૧૭ ડિસેમ્બરે ગુજરાતની જનતા ભાજપા તરફી મતદાન કરીને તેનો પદાર્થપાઠ કોંગ્રેસ પાર્ટીને આપશે.

તેઓએ સોનિયા ગાંધીએ સિદ્ધપુર ખાતે આજરોજ ઉચ્ચારેલા જુઠ્ઠાણાઓને ખુલ્લા પાડતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપાની કિસાનહિતલક્ષી નીતિઓને પરિણામે કૃષિનો વૃદ્ધિ દર છેલ્લા દસકા ૧૦.૮ ટકા રહ્યો છે. જ્યારે સમગ્ર દેશનો સરેરાશ ૨ થી ૩ ટકા રહ્યો છે. જે સત્યને તમે લોકમાનસમાંથી ભૂંસી શકવાના નથી. ગુજરાતનો કિસાન રાજ્ય સરકારની હકારાત્મક કૃષિ વિકાસલક્ષી નીતિને પરિણામે કપાસના ઉત્પાદનમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા છે. ૪૬૫ ટકા કપાસ ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ છે. જે કપાસની નિકાસ પર પ્રતિબંધ મૂકી કિસાનને પાયમાલ કરવાના કારસા રચના કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષાએ ગુજરાતમાં આવી કિસાનની માફી માંગવી જોઈતી હતી તે ન કરી કિસાનોના ઘા પર મીઠું ભભરાવાનું કામ કર્યું છે. જેની ભાજપા આકરી નિંદા કરે છે. ગુજરાતની જનતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થઈ રહેલી વિકાસયાત્રા ગુજરાતને જ્યોતિગ્રામ યોજના થકી ઝગમગતું કરવાનું કામ ભાજપની સરકારે કર્યું છે. ગુજરાતમાં શાંતિ-સુરક્ષા છે અને ૧૦૦૦ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૮૫ લાખ લાભાર્થીઓને ૧૩૦૦૦ કરોડ રૂપિયા વચેટીયાઓનો છેદ ઉડાવીને હાથોહાથ આપનાર ભાજપાની સરકાર છે તે કોંગ્રેસની ભ્રષ્ટાચારમાં ડૂબેલી સરકારને અને તેના વડા સોનિયા ગાંધીને ન ગમે તે બાબત સ્વાભાવિક છે.

## મંજુરીમાં અઢી વર્ષ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ઝૂંપડામાંથી ફલેટો એસઆરએમ યોજના હેઠળ ૧૧૩૬ મકાન માટે માત્ર ૨.૫ વર્ષનો સમય લીધો. જો યોજના મંજૂર કરતા ૨.૫ વર્ષ થતા હોય તો ૫૦ લાખ ફલેટ માટે કેટલા વર્ષ થાય. રોજના ૨૭૪૦ મકાનો કઈ રીતે બાંધશે.

તેમણે જણાવ્યું હતું કે, ૫૦ લાખ ઘર બાંધવાની યોજના પાછળ કેટલી જમીન જોઈએ તેની ખાત્રી કરવામાં આવી છે કે નહિ. ગુજરાત ભાજપે આટલી મોટી જમીન રહેવા દીધી છે ખરી. એક મકાન માટે બે લાખ રૂપિયાની રકમ થાય તો ૫૦ લાખ મકાન માટે ૧ કરોડ લાખ ક્યાંથી આવશે. સરકારની કુલ અંદાજપત્ર પ્રમાણે કેટલા વર્ષની નાણાંકીય જોગવાઈ થાય. મુખ્યમંત્રીના મત વિસ્તારમાં ૧૧૩૬ મકાનો માટેની યોજનાની મંજૂરીમાં ૨.૫ વર્ષ જેટલો સમય થતો હોય તો ૫૦ લાખ મકાનો માટે કેટલા વર્ષો થાય. શું આ ભાજપના વહીવટીતંત્રની અસરકારકતા છે. ભાજપ સરકારે જે મંજુરી વર્ષ ૨૦૧૧ના અંતિમ મહિનામાં ૧૧૩૬ મકાનો બાંધવા માટે આપી હતી તે પોતાની ચૂંટણીમાં ૨૦૧૦ મંજુરી મળી ગઈ હોય અને કામગીરી શરૂ થઈ ગઈના જુઠ્ઠાણાઓ ચલાવવામાં આવે છે.


# આચારસંહિતા છતાં શહેરમાં નવા રસ્તા બનાવાયા : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૦

અમદાવાદ શહેરમાં ચૂંટણી આચારસંહિતા અમલમાં હોવા છતાં મ્યુનિસિપલ તંત્રએ કેટલાક વિસ્તારોમાં નવા રસ્તા બનાવવા આચારસંહિતાનો ભંગ થયો હોવાનો આક્ષેપ મ્યુનિસિપલ કોંગ્રેસ પક્ષે કર્યો છે. વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે મુખ્ય ચૂંટણી કમિશનર, ગુજરાત રાજ્ય તથા કલેકટર અમદાવાદ જિલ્લાને પત્ર લખી જણાવ્યું છે કે ચૂંટણી આચારસંહિતા અમલમાં હોવા છતાં મ્યુ. કોર્પોરેશન તંત્ર દ્વારા એલીસબ્રિજ, નારણપુરા તથા વેજલપુર વિધાનસભા મતવિસ્તારમાં રાતોરાત રોડ બનાવી દીધાં છે. જેને કારણે આગામી દિવસોમાં સત્તાધારી ભાજપ તેનો ચૂંટણીપ્રચાર દરમ્યાન દુરપયોગ કરે તેનાથી મતદારો ગેરમાર્ગે દોરાય અને સત્તાધારી ભારતીય જનતા પક્ષને ચોક્કસ ફાયદો થાય તેવો પ્રયાસ મ્યુ. વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યો હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે.

એલીસબ્રિજ, નારણપુરા તથા વેજલપુર વિધાનસભા મતવિસ્તારમાં વિવિધ રોડ યુદ્ધના ધોરણે કામગીરી કરી રાતોરાત નવા રોડ બની ગયા. પરંતુ રાજકીય દબાણને કારણે સત્તાધારી પક્ષને ફાયદો કરાવવા માટે તમામ તંત્ર વ્યસ્ત થઈ જાય છે. નાગરિકની પાણી-ડ્રેનેજ, રોડ, લાઈટ-સફાઈ કે અન્ય ફરિયાદોનો નિકાલ કરવાનું તંત્ર વિસરી જાય છે. પક્ષને વહાલાં થવા સત્તાધારી પક્ષ તરફથી મ્યુ. કોર્પોરેશનનું ભાજપીકરણ કરવામાં આવી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

## શબ્દાવલી - ૪૯૨૦



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. ઘોડો જોડ્યો હોય તેવી ગાડી (૪) | ૧. જાહેરાત કે ઘોષણા કરતો પત્ર (૫) |
| ૪. અસ્થિ (૩) | ૨. વિવેકબુધ્ધિ વાપર્યા વિના રૂઢિ પ્રવાહમાં ચાલે રાખે તેવો પ્રવાહ (૪) |
| ૬. ફૂલના ગજરે ગુંથાતા સુગંધી પાન (૩) | ૩. ઓછું પ્રકાશિત, આછું (૨) |
| ૭. ભાગ્ય લખનાર દેવ (૩) | ૫. છોરૂં કછોરૂં થાય પણ માતા... ના થાય (૩) |
| ૯. આયોજન (૩) | ૮. બૉમ્બેની પ્રખ્યાત ઝૂંપટપટ્ટી (૩) |
| ૧૧. કર્ણને... કહેવાય છે (૪) | ૧૦. બાલીશતા, છોકરમત (૫) |
| ૧૨. મોખરે રહેવું તે (૪) | ૧૨. અગ્નિ (૨) |
| ૧૪. રાહ, રસ્તો (૩) | ૧૩. શરમ, લજ્જા (૩) |
| ૧૫. જજમાન, મહેમાનગતિ કરાવનાર (૪) | ૧૪. એક વાદ્ય, ડફલી (૨) |
| ૧૮. ત્વરીત (૩) | ૧૬. વૃધ્ધા (૨) |
| ૧૯. જીહ્વા, લુલી (તુચ્છકારમાં) | ૧૭. આકાશ, અંબર (૨) |

### શબ્દાવલી ૪૯૧૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંતર (૪) સારવાર (૭) બરતરફ (૮) લત (૯) સુપ (૧૧) કામી (૧૨) પરોપ (૧૪) માળ (૧૫) અરૂણોદય (૧૭) વધ (૧૮) જરા (૨૦) વનરાવન (૨૪) તજ (૨૫) ચળવળ

**ઊભી ચાવી :-** (૧) અંબર (૨) તર (૩) રતલામ (૪) સાફસુથરૂં (૫) વાલ (૬) રતન (૧૦) પરોણો (૧૧) કાળ (૧૩) પદ (૧૪) માવજત (૧૫) અદવચ (૧૬) યકીન (૧૯) રાજ (૨૧) નળ (૨૨) રાવ (૨૩) વળ

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601